* D - 1 9 0 1 0 1 0 1 0 2 0 1 0 1 0 0 *

**D-1901010102010100** Seat No. ______

# M. A. (Sem. I) Examination

**March - 2022**

## Gujarati

*(ભાષા-સાહિત્ય કૌશલ) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ દસ પ્રશ્નો છે.

(2) બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.

(3) કોઈ પણ પાંચના ઉત્તર આપો.

1 નીચે આપેલ કવિતાનો આસ્વાદ કરાવો : **14**

**જૂનું ઘર ખાલી કરતાં**

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યું ય ખાસ્સું :
જૂનું ઝાડું, ટૂથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, કલિપ, બટન ને ટાંકણી, સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી દીધું, સુપરત કરી, લારી કીધી વિદાય.

ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો,
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોપ્યોં !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
''બા-બાપુ ! ના કશું ય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?''
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણિકા !

**- બાલમુકુન્દ દવે**

**2** નીચે આપેલ કવિતાનો આસ્વાદ કરાવો : **14**

**ભોમિયા વિના**

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી,
જોવાં'તા કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે,
હંસોની હાર મારે ગણવી હતી,
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે,
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉપરબોલના ઝીલવા ગયો,
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી,
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

**- ઉમાશંકર જોષી**

**3** નીચે આપેલા ગદ્યખંડનું સારલેખન કરો : **14**

''અમુક સદ્‌ગુણો અને સિદ્ધાંતોને વળગી રહો. જીવનમાં કદી તેમનો ત્યાગ કરો નહીં. તેઓ જ તમારા મિત્રો અને મદદગાર બનશે. આથી તમારી પ્રગતિ થઈ છેવટે શાશ્વત સુખ અને સફળતા પ્રાપ્ત થશે. આ સદગુણોને અમલમાં મૂકવા માટે નિશ્ચય કરો અને તે માટે અંગત ડાયરી રાખો. તમારી રોજની વર્તણૂક અને વાણીની નોંધ રાખો. આથી તમારો વિકાસ થાય છે કે નહીં તેનો ખ્યાલ આવશે. તમારી ભૂલો નજરે પડશે. જે તમે સુધારી શકશો. ડાયરી મિત્રની ગરજ પૂરી પાડી તમારી નિર્બળતા બતાવી તમને નમ્ર બનાવશે. રોજ ઈશ્વરની પ્રાર્થના કરો અને તેને આંતરિક બળ અને દોરવણી આપવા માટે વિનંતી કરો. આથી આત્મબળ અને સદ્‌ગુણોમાં વૃદ્ધિ થશે. આદર્શ મહાત્માઓનાં જીવનચરિત્ર અને ઉપદેશમાંથી પ્રેરણા મેળવી તે અનુસાર તમારું જીવન ઘડતર કરો. તમારું મન કદી આળસું કે શૂન્ય બનશે નહીં. ઉમદા જીવન માટે સારા વિચાર ચાવીરૂપ છે.''

**- સ્વામી સચ્ચિદાનંદજી**

4 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : 14

''કવિનું કાર્ય રસિક કૃતિઓ અને મૂર્તિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંત કહેવાનું નથી. કવિને જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃતાન્તોના એવા આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે, કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.''

**- રમણભાઈ નીલકંઠ**

5 છંદની સંજ્ઞા આપી સ્વરૂપ સ્પષ્ટ કરો. 14

6 અલંકાર એટલે શું ? સાહિત્યમાં તેની ઉપકારકતા જણાવો. 14

7 ગુજરાતી ભાષાના મહત્ત્વના જોડણીના નિયમોની સાધાર ચર્ચા કરો. 14

8 પ્રૂફવાચનમાં પ્રયોજાતી મહત્ત્વની સંજ્ઞાઓ ઓળખાવો. 14

9 ટૂંકનોંધ લખો : 14

(1) પૃથ્વી અને શાર્દૂલવિક્રીડિત છંદ ઉદાહરણ સાથે સમજાવો.

(2) ચોપાઈ અને ઝૂલણા છંદ ઉદાહરણ સાથે સમજાવો.

10 ટૂંકનોંધ લખો : 14

(1) શબ્દાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ અલંકાર સદૃષ્ટાંત સમજાવો.

(2) ઉત્પ્રેક્ષા અને અનન્વય અલંકાર સદૃષ્ટાંત સમજાવો.